# અગત્યનો સર્ક્યુલર

# સ્વચ્છ નવરાત્રિ મહોત્સવ – 2025 સ્પર્ધા

નવરાત્રિ એ ગુજરાત અને ખાસ કરીને અમદાવાદ શહેરનો સૌથી મોટો અને ભવ્ય સાંસ્કૃતિક ઉત્સવ છે. આ તહેવારો દરમિયાન શહેરમાં સ્વચ્છતા અને સેનિટેશનનું ઉચ્ચ સ્તર જળવાઈ રહે તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ની પ્રાથમિકતા છે.

નાગરિકોની સક્રિય ભાગીદારીથી જ 'સ્વચ્છ અમદાવાદ'ના સ્વપ્નને સાકાર કરી શકાય છે. આ ઉમદા હેતુ સાથે, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ, AMC દ્વારા નવરાત્રિના તહેવારો દરમિયાન રહેણાક વિસ્તારોમાં અને પ્રાયવેટ ગરબા આયોજકો માટે 'સ્વચ્છ નવરાત્રિ સ્પર્ધા' નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નીચે મુજબની વિગતો આવરી લેવામાં આવેલ છે.

**સ્પર્ધાના મુખ્ય ઉદ્દેશ્યો:**

- તહેવારો દરમિયાન ઉત્પન્ન થતા ઘન કચરાનું યોગ્ય વ્યવસ્થાપન કરવું.
- સૂકા અને ભીના કચરાના વર્ગીકરણ અંગે જાગૃતિ લાવવી.
- સિંગલ યુઝ પ્લાસ્ટિક (SUP)ના ઉપયોગને સંપૂર્ણપણે નાબૂદ કરવો.
- ઝીરો વેસ્ટ (Zero Waste) અને RRR (Reduce, Reuse, Recycle) જેવી પર્યાવરણલક્ષી થીમને પ્રોત્સાહન આપવું.
- ગરબાના સ્થળો અને તેની આસપાસના વિસ્તારોને સ્વચ્છ અને આરોગ્યપ્રદ રાખવા.

**આ સ્પર્ધા મુખ્યત્વે બે શ્રેણીમાં યોજવામાં આવશે :**

- **શ્રેણી ૧**: રહેણાંક એકમો - વિસ્તારો (સોસાયટીઓ, ફ્લેટ્સ, વગેરે).
- **શ્રેણી ૨**: સામૂહિક ગરબા આયોજકો (પાર્ટી પ્લોટ, ખુલ્લા પ્લોટ, કોમ્યુનિટી હોલ, વગેરે).

**સ્પર્ધા અંગે રજીસ્ટ્રેશન :**

- મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નક્કી કરવામાં આવે તેમ સબંધિત વોર્ડનાં પબ્લીક હેલ્થ સુપ્રવાઇઝર મારફતે ઓફલાઇન ફોર્મ ભરી/ભરાવી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.
- સ્પર્ધા બાબતે અ.મ્યુ.કો. સાથે લાયઝન કરવા સારૂં એક નોડલ વ્યક્તિ નિમવાનો રહેશે.
- રહેણાંક સોસાયટીઓ, ફ્લેટ, હાઈરાઇઝડ રેસીડેંશીયલ ટાવર, કો.ઓ. હાઉસીંગ સોસાયટીઓ, પોળ, શેરી, ગામતળ વિસ્તારમ આવાસ યોજનાઓની સોસાયટીઓ સહિત તમામ સોસાયટીઓ વિગેરે ભાગ લઈ શકશે.
- રજીસ્ટ્રેશન અંગેનો આખરી નિર્ણય સબંધિત સબઝોનનાં આસી.મ્યુનિ.ક્મીશ્નરશ્રીનો રહેશે.
- સોસાયટીનુ પોતાનું બેન્ક એકાઉન્ટ હોવું જોઈએ અને એકાઉન્ટ ન હોવાનાં કિસ્સામાં સોસાયટીનાં નોડલ ઓફિસરના બેન્ક એકાઉન્ટની વિગતો પુરી પાડવા અંગે બાંહેધરી આપવાની રહેશે.
- ગરબાનાં સ્થળે ચેકીંગ, મોનીટરીંગ તથા જાગૃતિ અંગેના કાર્યક્રમો બાબતે મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારી / પ્રતિનિધીઓને પ્રવેશ કરવાની તથા ચેકિંગ કરવાની પરવાનગીની શરતે સદર સ્પર્ધામાં ભાગ લઈ શકાશે.
- મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારી / પ્રતિનિધીઓ દ્વારા જરૂરી વિગતો – પુરાવા માંગવામાં આવે ત્યારે તે સમયસર પુરા પાડવાનાં રહેશે.

**સ્પર્ધાના નિયમો અને માપદંડો**:

**૧ રહેણાંક એકમો - વિસ્તારોના આયોજકો માટે**:

- **ડસ્ટબીન વ્યવસ્થા**: ગરબાના સ્થળ (કોમન પ્લોટ)ની આસપાસ સૂકા અને ભીના કચરાના અલગ-અલગ સંગ્રહ માટે જરૂરિયાત મુજબ લીલા અને વાદળી રંગના ડસ્ટબીન ફરજિયાત મૂકવા. જે સોસાયટીઓમાં ડસ્ટબીન ન હોય, તેઓએ વોર્ડની સબ-ઝોનલ કચેરીમાંથી મેળવી લેવા.
- **નિર્માલ્ય કલેક્શન**: પૂજા-સામગ્રી અને નિર્માલ્યના નિકાલ માટે અલગ કલેક્શનની વ્યવસ્થા કરવી.
- **કચરાનો નિકાલ**: સોસાયટીમાં એકત્ર થયેલ તમામ કચરો (કોમન પ્લોટ અને લીટરીંગ સહિત) AMCના ડોર-ટુ-ડોર વાહનમાં AMC દ્વારા નિર્ધારિત સિસ્ટમમાં જ નિર્ધારિત સમયે જ આપવાનો રહેશે.
- કોઈપણ સંજોગોમાં કચરો જાહેર રસ્તા, ફૂટપાથ કે અન્ય જાહેર સ્થળો પર નાખવો નહીં.
- **સિંગલ યુઝ પ્લાસ્ટિક પ્રતિબંધ**: ગરબાનું આયોજન 'સિંગલ યુઝ પ્લાસ્ટિક ફ્રી' હોવું જોઈએ.
- **જાહેર શૌચાલય**: ગરબાના સ્થળે પુરુષો અને સ્ત્રીઓ માટે સ્વચ્છ અને કાર્યાત્મક શૌચાલયની અલગ વ્યવસ્થા હોવી જોઈએ.
- **વિશેષ થીમ** :
  - **ઝીરો વેસ્ટ થીમ**: ઝીરો વેસ્ટના સિદ્ધાંત પર ગરબાનું આયોજન કરનારને મૂલ્યાંકનમાં વિશેષ પ્રાધાન્ય મળશે.
  - **RRR થીમ**: RRR (Reduce, Reuse, Recycle) થીમ આધારિત ગરબાનું આયોજન, જેમ કે રિસાયકલ કરેલ મટિરિયલમાંથી બનાવેલ ડ્રેસ કોડ કે ડેકોરેશન, RRR કોન્સેપ્ટનાં પ્રમોશન અને કામગીરીમાં સહયોગ બદલ વધારાના માર્ક્સને પાત્ર બનશે.

**૨. સામૂહિક ગરબા આયોજકો (પાર્ટી પ્લોટ, ખુલ્લા પ્લોટ, વગેરે) માટે**:

- **ડસ્ટબીન અને કચરાનું વર્ગીકરણ**: આયોજનના સ્થળે પૂરતી સંખ્યામાં સૂકા, ભીના અને નિર્માલ્ય કચરા માટે અલગ-અલગ ડસ્ટબીનની વ્યવસ્થા કરવી.
- **ફૂડ વેસ્ટ મેનેજમેન્ટ**: ફૂડ કોર્ટ કે ખાણી-પીણીના સ્ટોલ પર ઉત્પન્ન થતા કિચન વેસ્ટ (ભીનો કચરો)ના નિકાલ માટે AMC માન્ય એજન્સી સાથે ફરજિયાત કોન્ટ્રાક્ટ કરવાનો રહેશે. અન્ય કોઈ સ્થળે નિકાલ કરી શકાશે નહિ.
- **સેનેટરી કન્વેયન્સ સર્ટિફિકેટ**: આયોજકોએ ફરજિયાતપણે સેનેટરી કન્વેયન્સ સર્ટિફિકેટ મેળવવાનું રહેશે. આ સર્ટિફિકેટ પૂરતા ડસ્ટબીનની વ્યવસ્થા અને કિચન વેસ્ટ કલેક્શન કોન્ટ્રાક્ટની શરતે જ ઇસ્યુ કરવામાં આવશે.
- **નિર્માલ્યનું ત્રિ-વર્ગીકરણ**: પૂજાપાની સામગ્રી અને નિર્માલ્યને ત્રણ ભાગમાં એકત્ર કરવા:
  1. **પ્રથમ ડબ્બો (ભીનું નિર્માલ્ય)**: ફૂલ, પાંદડાં, નાળિયેર, દુર્વા, વગેરે.
  2. **બીજો ડબ્બો (વસ્ત્રો)**: ચુંદડી, ખેસ, શણગારની અન્ય વસ્તુઓ.
  3. **ત્રીજો ડબ્બો (સૂકો કચરો)**: પડીયા, પ્રસાદના બોક્સ, ડેકોરેશનની વસ્તુઓ.
- **કચરાનો નિકાલ**: નોન-કિચન વેસ્ટ અને અન્ય કચરો AMCના રાત્રિ ડોર-ટુ-ડોર / અન્ય AMC નાં વાહનમાં જ આપવાનો રહેશે. નિર્માલ્ય વેસ્ટ પણ અલગ વાહનમાં વર્ગીકૃત કરેલ સ્થિતિમાં જ આપવાનો રહેશે.

- **સ્ટોલની સ્વચ્છતા**: ખાણી-પીણીના સ્ટોલ બંધ થયા પછી સંપૂર્ણ સફાઈ કરીને જ તમામ કચરો ડોર-ટુ-ડોર વાહનમાં AMC ની નિયત સિસ્ટમમાં જ આપવાનો રહેશે.
- **પાર્કિંગ અને દબાણ**: પાર્કિંગ અને ગરબા સ્થળની આસપાસના રસ્તાઓ પર ટ્રાફિકને અડચણરૂપ દબાણ ન હોવું જોઈએ.
- આ ઉપરાંત, રહેણાંક એકમોને લાગુ પડતા તમામ નિયમો (જેમ કે SUP ફ્રી, ઝીરો વેસ્ટ, RRR થીમ, સ્વચ્છ શૌચાલય) પણ અહીં લાગુ પડશે. જે,
- **સિંગલ યુઝ પ્લાસ્ટિક પ્રતિબંધ**: ગરબાનું આયોજન 'સિંગલ યુઝ પ્લાસ્ટિક ફ્રી' હોવું જોઈએ.
- **જાહેર શૌચાલય**: ગરબાના સ્થળે પુરુષો અને સ્ત્રીઓ માટે સ્વચ્છ અને કાર્યાત્મક શૌચાલયની અલગ વ્યવસ્થા હોવી જોઈએ.
- **વિશેષ થીમ**:
    1. **ઝીરો વેસ્ટ થીમ**: ઝીરો વેસ્ટના સિદ્ધાંત પર ગરબાનું આયોજન કરનારને મૂલ્યાંકનમાં વિશેષ પ્રાધાન્ય મળશે.
    2. **RRR થીમ**: RRR (Reduce, Reuse, Recycle) થીમ આધારિત ગરબાનું આયોજન, જેમ કે રિસાયકલ કરેલ મટિરિયલમાંથી બનાવેલ ડ્રેસ કોડ કે ડેકોરેશન, RRR કોન્સેપ્ટનાં પ્રમોશન અને કામગીરીમાં સહયોગ બદલ વધારાના માર્ક્સને પાત્ર બનશે.

**સ્પર્ધાના ચેકીંગ પેરામીટર્સ અને માર્ક્સ** :

| ક્રમ | પેરામીટર્સ | માર્કસ |
|---|---|---|
| 1 | ઓવરઓલ આદર્શ સફાઈ | 30 |
| 2 | ડસ્ટબીન વ્યવસ્થા | 15 |
| 3 | કચરાનું સેગ્રીગેશન | 15 |
| 4 | ગરબા પૂર્ણ થયા બાદ સફાઈ - કચરાનું કલેક્શન અને નિકાલ | 15 |
| 5 | કીચન વેસ્ટ કોન્ટ્રાક્ટ (રહેણાક સિવાયના આયોજનો માટે)<br>(રહેણાક માટે આ પેરમીટર્સ અંતર્ગત નાસ્તાનાં વધેલા કચરાનું અલગથી સેગ્રીગેશન ધોરણે કરેલ કલેક્શન ધ્યાને લેવું.) | 05 |
| 6 | શૌચાલયની સુવિધા અને તેની સ્વચ્છતા | 15 |
| 7 | ઝીરો વેસ્ટ અને RRR થીમ | 05 |
| કુલ | | 100 |

**મૂલ્યાંકન અને વિજેતા પસંદગી પ્રક્રિયા:**

**ચેકિંગ અંગેની સમિતિ**:

આ સમિતિ સોસાયટીઓ અને રહેણાંક વિસ્તારોની તેમજ પ્રાયવેટ ગરબા આયોજનનાં સ્થળોની મુલાકાત લઈ ઉપરોક્ત માપદંડો મુજબ ચેકિંગ કરશે.

**વોર્ડ કક્ષાએથી ચેકીંગ કરવા અંગેની સમિતિ:**

| કમિટી સભ્યો | ભૂમિકા |
|---|---|
| આસી. મ્યુનિસિપલ કમિશનરશ્રી (સબઝોન) | પ્રમુખ |
| સ્થાનિક કાઉન્સિલર | સભ્ય |
| વોર્ડ સેનેટરી ઈન્સ્પેક્ટર | સભ્ય |
| વોર્ડ એસ્ટેટ ઈન્સ્પેક્ટર | સભ્ય |
| મ્યુનિસિપલ શાળાના પ્રિન્સિપાલ (નક્કી કરેલ) | સભ્ય |

**ઝોન સ્તરે વિજેતા નક્કી કરવા અંગેની સમિતિ:**

| કમિટી સભ્યો | ભૂમિકા |
|---|---|
| ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રી (ઝોન) | પ્રમુખ |
| આસી. મ્યુનિસિપલ કમિશનર (તમામ સબઝોન) | સભ્ય |
| ડેપ્યુટી એસ્ટેટ ઓફિસર (ઝોન) | સભ્ય |
| ડેપ્યુટી ડાયરેક્ટર (સો.વે.મે. - ઝોન) | સભ્ય |

**શહેર સ્તરે વિજેતા નક્કી કરવા અંગેની સમિતિ:**

| કમિટી સભ્યો | ભૂમિકા |
|---|---|
| ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રી (સો.વે.મે.) | પ્રમુખ |
| ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રી (રીક્રીએશન) | સભ્ય |
| ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રી (ફાયનાન્સ) | સભ્ય |
| ડાયરેક્ટર (સો.વે.મે.) | સભ્ય |
| એસ્ટેટ ઓફિસરશ્રી | સભ્ય |
| ડેપ્યુટી ડાયરેક્ટર (સો.વે.મે. – HO) | સભ્ય |

**વિજેતાની સંખ્યા અને ઈનામ:**

**સોસાયટી – રહેણાંક વસાહતો માટે:**

| ક્રમ | ઈનામની કક્ષા | પ્રથમ ઈનામ (₹) | દ્વિતીય ઈનામ (₹) | તૃતીય ઈનામ (₹) |
|---|---|---|---|---|
| **(૧)** | **ઝોન** | ૩૧,૦૦૦ | ૨૧,૦૦૦ | ૧૧,૦૦૦ |
| **(૨)** | **શહેર** | ૫૧,૦૦૦ | ૩૧,૦૦૦ | ૨૧,૦૦૦ |

**સામૂહિક ગરબા આયોજકો માટે:**

| ક્રમ | ઈનામની કક્ષા | પ્રથમ ઈનામ (₹) | દ્વિતીય ઈનામ (₹) | તૃતીય ઈનામ (₹) |
|---|---|---|---|---|
| **(૧)** | **ઝોન** | ૫૧,૦૦૦ | ૩૧,૦૦૦ | ૨૧,૦૦૦ |
| **(૨)** | **શહેર** | ૧,૦૦,૦૦૦ | ૭૧,૦૦૦ | ૫૧,૦૦૦ |

ઉપરોક્ત અનુસાર સામૂહિક ગરબાનાં આયોજનનાં લોકેશનો ઉપર સ્વચ્છતા, કચરાનાં કલેક્શન અંગેની વ્યવસ્થા, કચરાનું સેગ્રીગેશન અને યોગ્ય નિકાલ, ઝીરો વેસ્ટ ઇવેન્ટ તથા RRR થીમ આધારિત ગરબા સહિતનાં વિવિધ પેરામીટર્સ આધારે શહેરનાં તમામ 07 ઝોનનાં 48 વોર્ડમાં "સ્વચ્છ નવરાત્રિ મહોત્સવ-2025" સ્પર્ધાનું આયોજન કરવાનું થાય છે. જે અંતર્ગત કાર્યપ્રણાલી અનુસાર કાર્યવાહી કરવા લાગુ પડતાં જણાવેલ સબંધિત અધિકારીશ્રીઓનાં આદેશ કરવામાં આવે છે.

સદર સ્પર્ધા અન્વયે સંબંધિત વોર્ડના પબ્લિક હેલ્થ સુપરવાઇઝરશ્રી(સો.વે.મે.)દ્વારા આ સાથે સામેલ ફોર્મનું ગરબાનાં સ્થળોએ વિતરણ કરી/ભરાવી તથા સંપૂર્ણ ચકાસણી કરીને જે-તે ઝોનના સો.વે.મે. વિભાગનાં ડે.ડાયરેકટરશ્રીને સુપરત કરવાના રહેશે.

વધુમાં "**સ્વચ્છ નવરાત્રિ મહોત્સવ-2025**" માટે બનાવેલ કમિટીઓએ ઝોનલ સો.વે.મે. વિભાગનાં ડે.ડાયરેકટરશ્રી પાસેથી લોકેશન મેળવી નક્કી કરેલા નોર્મ્સ મુજબ માર્કીંગ થયેથી વોર્ડ દીઠ પ્રથમ ત્રણ વિજેતાઓની યાદી ઝોનલ કમિટી સંક્ષ રજૂ કરવાની રહેશે જેને ચકાસીને ઝોનલ કમિટી દ્વારા ઝોનદીઠ પ્રથમ ત્રણ વિજેતાઓની યાદી સબંધિત ઝોનનાં ડે.ડાયરેક્ટરશ્રીએ ડે.મ્યુનિસિપલ કમિશનરશ્રી (સંબંધિત ઝોન) મારફતે ડાયરેક્ટરશ્રી(સો.વે.મે.)ને મોકલી આપવાની રહેશે.

ઝોન સ્તરેથી આપવામાં આવેલ પ્રથમ ત્રણ વિજેતાઓની 07 ઝોનની યાદી પૈકી શહેર સ્તરનાં પ્રથમ ત્રણ વિજેતાઓ નક્કી કરવાની કાર્યવાહી સો.વે.મે. મધ્યસ્થ કચેરી દ્વારા આ બાબતે નક્કી કરેલ કમિટીનાં સભ્યો દ્વારા કરાવવાની રહેશે.

વધુમાં સદર સ્પર્ધા અંગે નક્કી કરવામાં આવેલ કમિટી પૈકીનાં અધિકારીઓમાં રજા પર હોય તે અધિકારીશ્રી/કર્મચારીશ્રી ની જગ્યા પર ચાર્જમાં હોય તે અધિકારીશ્રી / કર્મચારીશ્રીએ ફરજ બજાવવાની રહેશે.

ઉપરોકત અધિકારીશ્રીઓએ જરૂર જણાયે તેમના ખાતામાંથી જરૂરીયાત મુજબનો સ્ટાફ સાથે રાખવાનો રહેશે.

ઉપરોક્ત તમામ બાબતો અંગે ઝોનલ ડે.મ્યુનિસિપલ કમિશનરશ્રી દ્વારા સતત માર્ગદર્શન પૂરું પાડી રજીસ્ટ્રેશન કરાવવાથી લઈ સમગ્ર યોજના સમયસર, શિસ્તબદ્ધ તહય અને શહેરમાં તહેવારનાં ઉત્સાહ સાથે સફાઈ, સ્વચ્છતા તથા જાહેર આરોગ્યની જાળવણી તહય તે બાબતે કામગીરીઓ કરવાની રહેશે.

**સહી : બંછાનિધી પાની**
**મ્યુનિસિપલ કમિશનર**

**AMDAVAD MUNICIPAL CORPORATION**
**Solid Waste Management Dept**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન આયોજિત

## "સ્વચ્છ નવરાત્રિ મહોત્સવ-2025" સ્પર્ધા

## રજીસ્ટ્રેશન ફોર્મ

| | |
|---|---|
| ઝોન | |
| વોર્ડ | |
| સામૂહિક ગરબાનાં આયોજન સ્થળનું નામ-સરનામું | |
| સ્થળનો પ્રકાર | |
| શ્રેણી | **શ્રેણી ૧:** રહેણાંક એકમો - વિસ્તારો ☐<br>(સોસાયટીઓ, ફ્લેટ્સ, વગેરે)<br>**શ્રેણી ૨:** સામૂહિક ગરબા આયોજકો ☐<br>(પાર્ટી પ્લોટ, ખુલ્લા પ્લોટ, કોમ્યુનિટી હોલ, વગેરે)<br><br>સાચું ઓપ્શન(√) માર્ક્સ કરવું. |
| આયોજક ચેરમેન / સેક્રેટરી / પ્રતિનિધીનું નામ | |
| મોબાઈલ નંબર | |
| ગરબા શરૂ થવાનો સમય | |
| ગરબા પૂર્ણ થવાનો સમય | |
| ફૂડ સ્ટોલ કરવામાં આવેલ છે? | |

પબ્લીક હેલ્થ સુપરવાઇઝરશ્રીની સહી :

નામ :

વોર્ડ :

ઝોન :